# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-01-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

--------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PM SOMNATH VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે ત્રણ દિવસના પ્રવાસે ગુજરાત આવશે. તેમની મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી સોમનાથ સ્વાભિમાન પર્વ સહિત અનેક કાર્યક્રમોમાં ભાગ લેશે.

સોમનાથ મંદિરની અતૂટ ભાવનાની ઉજવણી કરતો ચાર દિવસીય સોમનાથ સ્વાભિમાન પર્વ ગુરુવારે ગીર સોમનાથ જિલ્લાના દરિયાકાંઠાના શહેર વેરાવળમાં શરૂ થયો હતો. આ ઉત્સવ ૧૦૨૬માં મહમૂદ ગઝનવીએ સોમનાથ મંદિર પર હુમલો કર્યાના એક હજાર વર્ષ અને ૧૯૫૧માં સ્વતંત્રતા પછી તેના પુનર્નિર્માણના ૭૫ વર્ષ પૂર્ણ થયાની યાદમાં ઉજવવામાં આવે છે. અમારા સંવાદદાતા અહેવાલમાં જણાવે છે કે પવિત્ર શહેર પ્રભાસ પાટણ આ ઐતિહાસિક પ્રસંગે પ્રધાનમંત્રી મોદીનું સ્વાગત કરવા માટે તૈયાર છે.

(વી/સી – અજય ઇન્દ્રેકર )

*પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું સ્વાગત કરવા માટે તૈયાર થઈ રહેલા પવિત્ર શહેર પ્રભાસ પાટણ દિવ્ય વાતાવરણમાં લિન બન્યું છે. ઐતિહાસિક ઉજવણી જોવા માટે રાજ્ય અને દેશભરમાંથી લાખો ભક્તો સોમનાથ પહોંચ્યા છે. ગઈકાલે શહેરમાં અગ્રણી સાધુઓ અને સંતોની આગેવાની હેઠળ એક ભવ્ય પાલખી શોભાયાત્રા પણ નીકળી હતી. આજે સાંજે પ્રધાનમંત્રી હજારો ઋષિકુમારો દ્વારા ચાલી રહેલા ઓમકાર મંત્રના 72 કલાકના સતત જાપમાં ભાગ લેશે. ત્યારબાદ, મંદિર સંકુલમાં 3,000 ડ્રોન દ્વારા એક અદ્દભૂત મેગા ડ્રોન શોના સાક્ષી બનશે, જેમાં મંદિરના વારંવારના પુનર્નિર્માણની ગાથા વર્ણવવામાં આવશે. રાજ્ય સરકારે ભવ્ય લાઇટિંગ અને યાત્રાળુઓ માટે સુધારેલી સુવિધાઓ સહિત વ્યાપક વ્યવસ્થા સુનિશ્ચિત કરી છે. આ 'સ્વાભિમાન પર્વ' મંદિરના રક્ષણ માટે આપવામાં આવેલા અસંખ્ય બલિદાનોને યાદ કરે છે, જેથી ખાતરી થાય કે તેનો મહિમા ભવિષ્યની પેઢીઓને સાંસ્કૃતિક ચેતનાની પ્રેરણા આપતો રહે.*

*<u>રાજેશ ભજગોતર, સોમનાથથી, અને અપર્ણા ખૂંટના અહેવાલ સાથે અજય ઇન્દ્રેકર આકાશવાણી સમાચાર.. અમદાવાદ</u>*

. . . . . . . . . . . . .

# SOMNATH STORY

દરમિયાન સોમનાથ સ્વાભિમાન પર્વમાં એક ભારત-શ્રેષ્ઠ ભારતની વિભાવના ચરિતાર્થ કરતા શંખ સર્કલથી હમીરજી સર્કલ સુધી શૌર્ય યાત્રાના માર્ગ પર 20 જેટલા સ્ટેજ તૈયાર કરાયા છે. તેમાં કર્ણાટક, પશ્ચિમ બંગાળ વગેરે રાજ્યની વિવિધ કૃતિ રજૂ કરવામાં આવી રહી છે.

પ્રધાનમંત્રીના આગમન પહેલા શૌર્ય યાત્રાના માર્ગ પર યક્ષગાન, કુચિપુડી નૃત્ય, મણિયારો રાસ, ભરતનાટ્યમ્ સહિત વિવિધતામાં એકતા દર્શાવતા રાજ્યભરના કલાકારો વિવિધ પ્રસ્તુતિ કરી રહ્યાં છે. આ અવસરે ભરતનાટ્યમ્-ની પ્રસ્તુતિ કરનારાં એક કલાકારની પ્રતિક્રિયા સાંભળીએ.

**(BYTE: AN ARTIST)**

બીજી તરફ, શિક્ષણ મંત્રી ડૉક્ટર પ્રદ્યુમન વાજા અને કાયદો તથા ઉર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરિયા સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત 72 કલાકનાં અખંડ ઓમકાર જાપમાં સહભાગી થયા હતા.

. . . . . . . . . . . . .

# RAILWAY SEVA PURASHKAR

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ભાવનગર રેલવે મંડળના પૉઈન્ટ્સમૅન યોગેશકુમાર શર્માને અતિવિશિષ્ટ રેલ સેવા પુરસ્કાર 2025 એનાયત કર્યો. નવી દિલ્હીમાં 70-મા રેલ સપ્તાહના કેન્દ્રીય સમારોહમાં પૉઈન્ટ્સમૅનને સન્માનિત કરાયા.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલકુમાર ત્રિપાઠીએ આ અંગે કહ્યું, યોગેશકુમાર શર્માને તેમના અનુકરણીય શિસ્ત, સમયપાલન, સાવચેતી, પરિચાલન અને સુરક્ષા સૂચનાઓના કડક પાલન બદલ આ પુરસ્કાર અપાયો છે. તેમની સતર્કતા અને ત્વરિત કાર્યવાહી દ્વારા સંભવિત અસુરક્ષિત પરિસ્થિતિઓની સમયસર ઓળખ કરીને તેને અટકાવવામાં આવી, જેના પરિણામે સંબંધિત ક્ષેત્રમાં ટ્રેનોનું સુરક્ષિત અને દુર્ઘટનામુક્ત પરિચાલન સુનિશ્ચિત થયું હતું.

. . . . . . . . . . . . . .

# Khelo India Beach Games

ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સમાં પ્રિન્સેસ થોમસ અને પ્રસન્ના બેન્દ્રેએ સુવર્ણ ચંદ્રક જીતીને સમગ્ર રાજ્યનું ગૌરવ વધાર્યું.

ચાર કેન્દ્રશાસિત પ્રદેશો દાદરા અને નગરહવેલી, દમણ અને દીવે બીચ પેનકાક સિલાટ સ્પર્ધામાં ઐતિહાસિક સફળતા મેળવી.

પ્રિન્સેસ થોમસે તુંગલ સ્પર્ધામાં શાનદાર પ્રદર્શન કરી સુવર્ણ ચંદ્રક જીત્યો. પ્રિન્સેસની સિદ્ધિ છોકરીઓની ભાવિ પેઢીઓ માટે પ્રેરણારૂપ છે.

દરમિયાન, પ્રસન્ના બેન્દ્રેએ ટેન્ડિંગ શ્રેણીમાં સુવર્ણ ચંદ્રક જીતીને રાજ્યનું ગૌરવ વધાર્યું.

. . . . . . . . . . . . . .

# WOMEN CRICKET

ક્રિકેટની મહિલા પ્રીમિયર લીગ - WPLમાં આજે યુપી વૉરિયર્સ અને ગુજરાત જાયન્ટ્સ વચ્ચે મુકાબલો થશે. નવી મુંબઈમાં ડૉક્ટર ડી. વાય. પાટિલ રમતગમત અકાદમી ખાતે હમણાં ત્રણ વાગ્યે આ મૅચ શરૂ થશે.

ગઈકાલે રમાયેલી એક મૅચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુએ વર્તમાન વિજેતા મુંબઈ ઇન્ડિયન્સને ત્રણ વિકેટથી હરાવ્યું હતું.

WPL-ની ચોથી સિઝનની તમામ મૅચ નવી મુંબઈના ડૉક્ટર ડી. વાય. પાટિલ રમતગમત અકાદમી અને વડોદરાના બીસીએ સ્ટૅડિયમમાં રમાશે. નવી મુંબઈમાં મૅચના સમાપન બાદ વડોદરામાં પ્લૅઑફ સહિત બાકીની 11 મૅચ રમાશે.

. . . . . . . . . . . . . .

# WEATHER OVERALL

રાજ્યના અનેક જિલ્લામાં ઠંડીનો પારો ગગડ્યો છે. ત્યારે હવામાન વિભાગે આગામી 24 કલાકમાં લઘુત્તમ તાપમાનમાં ફેરફાર થવાની શક્યતા નહીંવત્ હોવાની આગાહી કરી છે. વિભાગે જણાવ્યું કે, આગામી બે

દિવસ બાદ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાથી ઠંડીમાં વધારો થઈ શકે છે.

આ સાથે જ છ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે કચ્છનું નલિયા સૌથી ઠંડું શહેર રહ્યું છે. જ્યારે અમરેલીમાં આઠ, કેશોદમાં નવ, ભુજ, કંડલા વિમાનમથક, રાજકોટ અને ડીસામાં 10-10 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે.

ભાવનગરમાં પણ આ મોસમમાં પહેલી વાર લઘુત્તમ તાપમાન 13.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. શહેરમાં હાલ પવનની ઝડપ 10 કિલોમીટર પ્રતિકલાકની થતા ઠંડીની તીવ્રતા વધી છે.

. . . . . . . . . . . . .